નવગુજરાત સમય, અમદાવાદ સમય

ફ્રંટ પેજ :- ૦૨

તારીખ :- ૨૮/૦૨/૨૦૨૬

**સ્માર્ટ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન | અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રો રેલનો ઉપયોગ વધ્યો**

# મેટ્રોમાં 3 વર્ષમાં મુસાફરોની દૈનિક સંખ્યા 35 હજારથી વધીને દોઢ લાખ સુધી પહોંચી

**ઑક્ટો. 2022થી ડિસેમ્બર 2025 દરમિયાન 11.50 કરોડથી વધુએ મુસાફરી કરી**



## IPL અને કોન્સર્ટ દરમિયાન સૌથી વધુ મુસાફરો

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાતી આઇપીએલ મેચો અને કોલ્ડ પ્લે જેવા કોન્સર્ટ દરમિયાન લાખો લોકોએ મેટ્રો યાત્રાને પ્રાથમિકતા આપી હતી. આઇપીએલ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ અને રથયાત્રા જેવા કાર્યક્રમો દરમિયાન મુસાફરોની સંખ્યા 1.6થી 2.1 લાખ નોંધાઈ હતી. તો સ્ટેડિયમમાં 25 અને 26 જાન્યુઆરીએ બે દિવસના કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન કુલ 4.11 લાખ મુસાફરોએ મેટ્રો સેવાનો ઉપયોગ કર્યો હતો. જે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં મેટ્રોની ક્ષમતા અને વધતી વિશ્વસનીયતાનું પ્રતીક બન્યા છે.

**નવગુજરાત સમય** > ગાંધીનગર

માર્ગો ઉપર વધતા ટ્રાફિકમાંથી મુક્તિ સાથે જે તે સ્થાને ઝડપથી પ્રદૂષણમુક્ત મુસાફરી કરીને પહોંચવા માટે હવે મહત્તમ મુસાફરો મેટ્રો રેલના વધતા નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે. મેટ્રો ટ્રેનની દૈનિક મુસાફરીમાં 3 વર્ષમાં ચાર ગણી વૃદ્ધિ થઈ છે અને રોજના મુસાફરોની દૈનિક સંખ્યા 35 હજારથી વધીને દોઢ લાખ સુધી પહોંચી ગઈ છે. ઑક્ટોબર-2022થી ડિસેમ્બર-2025 દરમિયાન કુલ 11.50 કરોડથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી.

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મેટ્રો રેલ કનેક્ટિવિટી મજબૂત બનતા હજારો સરકારી કર્મચારી, વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ વધારી રહ્યા છે. અમદાવાદમાં વિવિધ સ્થળે પહોંચવા અને ગાંધીનગરમાં જવા માટે વધુ સંખ્યામાં પબ્લિક ટ્રાન્સપોર્ટમાં સૌથી સરળ એવી મેટ્રો ટ્રેનનો લાભ લઈ રહ્યા છે. તાજેતરમાં અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-2માં ગાંધીનગરના મહાત્મા મંદિર સુધીની મેટ્રો સેવાના આરંભ સાથે મેટ્રો ફેઝ-2 પૂર્ણ થતાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા વિકસિત 68 કિમીનું મેટ્રો નેટવર્ક હવે 53 સ્ટેશનોને આવરી લેશે. મુસાફરોને હવે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી ગાંધીનગર રેલવે સ્ટેશન સુધીની સીધી કનેક્ટિવિટી પણ ઉપલબ્ધ બનશે. તે ઉપરાંત અક્ષરધામ મંદિર અને દાંડી કુટીર જેવા મહત્વના પ્રવાસન સ્થળો સુધી પણ પહોંચી શકાશે. મહાત્મા મંદિરમાં આયોજિત રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોમાં આવતા મહેમાનો તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જવાનો વધુ એક વિકલ્પ મળશે.

વર્ષ 2023 દરમિયાન દર મહિને સરેરાશ 12થી 27 લાખ મુસાફરોએ મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. આ સંખ્યા 2024માં વધીને માસિક અંદાજે 27થી 35 લાખ નોંધાઈ હતી. વર્ષ 2025માં મુસાફરોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જુલાઈ અને સપ્ટેમ્બરમાં માસિક 44 લાખથી વધુ મુસાફરોએ મેટ્રો સેવાનો લાભ લીધો હતો.